# ગુજરાત યુનિવર્સિટી

અમદાવાદ.

**પ રિ પ ત્ર :**

પ્રતિ,

વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણશાસ્ત્ર અને કાયદા વિધાશાખાની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ :

શ્રીમાન,

શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ માટે સત્રોની ગોઠવણી ઓર્ડિ.-૭૫માં જે નિયત કરવામાં આવી છે તે મુજબ સત્રોની ગોઠવણી નીચે પ્રમાણે રાખવા કુલપતિશ્રીના આદેશાનુસાર જણાવવામાં આવે છે.

| | | | કામકાજના દિવસો |
|---|---|---|---|
| ૧ | પ્રથમસત્ર | તા.૧૫/૦૬/૨૦૧૧ થી તા.૨૨/૧૦/૨૦૧૧ | ૯૨ |
| ૨ | દિવાળી વેકેશન | તા.૨૩/૧૦/૨૦૧૧ થી તા.૧૩/૧૧/૨૦૧૧ | ૨૧ |
| ૩ | દ્વિતીય સત્ર | તા.૧૪/૧૧/૨૦૧૧ થી તા.૨૬/૦૪/૨૦૧૨ | ૯૭ |
| ૪ | ઉનાળુ વેકેશન | તા.૨૭/૦૪/૨૦૧૨ થી તા.૧૪/૦૬/૨૦૧૨ | ૪૯ |

પ્રથમ વર્ષ (CBCS)ની આંતરિક તેમજ યુનિવર્સિટી (End Sem.exam) તથા દ્વિતીય અને તૃતિય વર્ષની કોલેજો દ્વારા લેવાનારી આંતરિક પરીક્ષા તથા યુનિવર્સિટી દ્વારા લેવાનારી વાર્ષિક સહિતની તમામ પરીક્ષાઓ નીચે પ્રમાણે લેવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૫ | પ્રથમ કસોટી | પ્રથમ કસોટી દોઢ કલાકની ૫૦ ગુણની આંતરિક વિકલ્પ પદ્ધતિ દ્વારા પ્રથમ સત્રના અંત પહેલા એટલે કે તા.૨૨/૧૦/૨૦૧૧ સુધીમાં કોલેજોમાં ગોઠવવાની રહેશે. જેમા આ વર્ષથી શરૂ કરાનાર F.Y. અને B.Ed. (CBCS)ની આંતરિક પરીક્ષા અને વધારાની કસોટીનો પણ સમાવેશ કરવાનો રહેશે. |
| ૬ | દ્વિતીય કસોટી તથા વધારાની કસોટી | ફકત S.Y. અને T.Y.ના વિધાર્થીઓ માટે દ્વિતીય કસોટી ત્રણ કલાકની ૧૦૦ ગુણની જ્યારે F.Y. અને B.Ed. (CBCS)ના વિધાર્થીઓ માટે ૫૦ ગુણની આંતરિક વિકલ્પ પદ્ધતિ દ્વારા લેવાની રહેશે તથા પ્રથમ/દ્વિતીય કસોટી સામે માત્ર એક વધારાની કસોટી બીજા સત્રની ૧૦૦ ગુણની દ્વિતીય કસોટી (પ્રિલિમિનરી) પરીક્ષા પછી કોલેજો લઇ શકશે. પરંતુ આ વધારાની કસોટી પણ ત્રણ કલાક અને ૧૦૦ ગુણની રહેશે.( F.Y. અને B.Ed. (CBCS) માટે દોઢ કલાક અને ૫૦ ગુણની રહેશે.) |
| ૭. | F.Y. અને B.Ed. (CBCS) માટે End Semestar Exam | F.Y. અને B.Ed. (સેમેસ્ટર)ના વિધાર્થીઓની પ્રથમ સેમેસ્ટરની End Semestar Exam ૧૫-૧૧-૨૦૧૧ થી ૧૪-૧૨-૨૦૧૧ દરમ્યાન યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલા ટાઇમ ટેબલ મુજબ લેવાની રહેશે. |
| ૮. | વાર્ષિક કસોટી | યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલ તારીખોને અનુસરવાનુ રહેશે. |
| ૯ | ઉપર જણાવ્યા પ્રમાણે, | સત્રોની તથા આંતરિક પરીક્ષાઓની ગોઠવણી ફક્ત વિનિયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણ, કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોને તથા બી.બી.એ., બી.સી.એ., બી.પી.એડ્., યોગા કોલેજોને પણ ઉપર મુજબની સત્રોની ગોઠવણી લાગુ પડશે. |

**[P.T.O.]**

**ખાસ નોંધ :-**

૧ તમામ કોલેજોએ શૈક્ષણિક કાર્ય ફરજીયાત રીતે (S.Y. અને T.Y.ના વિધાર્થીઓ માટે) તા.૧૮/૨/૨૦૧૨ સુધી ચાલુ રાખવું.

૨ S.Y. અને T.Y.ના વિધાર્થીઓની પ્રિલિમનરી પરીક્ષા તથા વધારાની ટેસ્ટ તા.૨૯/૦૨/૨૦૧૨ સુધીમાં જ્યારે F.Y. અને B.Ed. (Semester) અને P.G.(Semester) ની પરીક્ષા તા.૩૧/૦૩/૨૦૧૨ સુધીમાં સમાપ્ત કરવી. પ્રિલિમનરી પરીક્ષાનું કેન્દ્રસ્થ મૂલ્યાંકન કાર્ય રાખી તા.૦૫/૦૩/૨૦૧૨ સુધીમાં સમાપ્ત કરવું.

૩ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાનાર પરીક્ષાઓ લગભગ તા.૧૨/૦૩/૨૦૧૨ થી શરૂ થશે તેને ધ્યાનમાં રાખી સમગ્ર આયોજન કરવું. યુનિવર્સિટીનું કેન્દ્રસ્થ મૂલ્યાંકન કાર્ય તા.૩૦/૦૪/૨૦૧૨ સુધીમાં સમાપ્ત થાય તેવું આયોજન યુનિવર્સિટીએ વિચારેલ છે.

૪ આ વર્ષથી શરૂ થનાર F.Y. અને B.Ed. (CBCS)નુ સમયપત્રક નીચે મુજબ રહેશે

| | | | |
|---|---|---|---|
| Semester I | : | ૦૧-૦૭-૨૦૧૧ થી ૨૨-૧૦-૨૦૧૧<br>(આંતરિક કસોટીઓ સાથે) | ૯૨ દિવસો |
| દિવાળી વેકેશન | : | ૨૩-૧૦-૨૦૧૧ થી ૧૩-૧૧-૨૦૧૧ | |
| End Sem-I ની પરીક્ષા | : | ૧૪-૧૧-૨૦૧૧ થી ૧૪-૧૨-૨૦૧૧ | |
| Semester II | : | ૧૫-૧૨-૨૦૧૧ થી ૧૫-૦૪-૨૦૧૨<br>(આંતરિક કસોટીઓ સાથે) | ૯૪ દિવસો<br>-------------<br>૧૮૬ દિવસો |
| End Sem-IIની પરીક્ષા | : | ૦૧-૦૫-૨૦૧૨ થી શરૂ થશે. | |

૫. તા.૦૧-૦૭-૨૦૧૧ સુધીમાં માસ પ્રમાણેનુ આયોજન દરેક કોલેજને મોકલી આપવામાં આવશે. બંને સત્રોના કામકાજના દિવસો (રવિવાર તેમજ જાહેર રજાના દિવસો બાદ કરીને ગણેલ છે) કુલ આશરે ૨૨૯ જેટલા રહેશે. દિવાળી વેકેશન ૨૧ દિવસ અને ઉનાળુ વેકેશન ૫૨ દિવસ રહેશે. શિક્ષણના ચોખ્ખા આશરે ૧૮૦ થી ૧૮૬ દિવસો નકકી કરેલ છે. જે F.Y. અને B.Ed. (CBCS)ના વિધાર્થીઓને પણ ધ્યાનમાં રાખીને ગણેલ છે.

૬. આ પરિપત્ર સ્નાતક કક્ષાના F.Y. અને B.Ed. (CBCS) અને S.Y. અને T.Y.ના શૈક્ષણિક કાર્ય માટેનો છે.

નં એકેડેમિક/૮૭/૨૦૧૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય, કા.કુલસચિવ
નવરંગપુરા, અમદાવાદ-૯.
તા.૧૨/૦૭/૨૦૧૧

**નકલ સવિનય રવાના જાણ સારૂં :**

૧. પરીક્ષા નિયામકશ્રી. પરીક્ષા વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૨. મદદનીશ કુલસચિવ અને અંગત સચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૩. મદદનીશ કુલસચિવશ્રી, અનુસ્નાતક વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૪. સેકશન ઓફિસરશ્રી, એલિજીબીલીટી વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૫. અધ્યક્ષશ્રી, શારીરિક શિક્ષણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૬. અધ્યક્ષશ્રી, યુવક કલ્યાણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૭. કો.ઓર્ડિનેટરશ્રી, એનએસએસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૮. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૯. ગ્રંથપાલશ્રી, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૧૦. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૧. કુલપતિશ્રી, ઉપકુલપતિશ્રી, કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી
૧૨. કુલસચિવશ્રી, ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ,
૧૩. જનરલ મેનેજરશ્રી, એ.એમ.ટી.એસ., જમાલપુર, અમદાવાદ.

# ગુજરાત યુનિવર્સિટી
## અમદાવાદ.

**પ રિ પ ત્ર :**

પ્રતિ,

ગુજરાત યુનિવર્સિટીના વિવિધ ભવનના અધ્યક્ષશ્રીઓ અને અધ્યાપકો તેમજ અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ માટે

શ્રીમાન,

ગુજરાત યુનિવર્સિટીના ૨૦૧૧-૧૨ના શૈક્ષણિક વર્ષમાં સેમેસ્ટર ૧ થી ૪ની ગોઠવણી તેમજ પરીક્ષાની પદ્ધતિ અંગે નીચે મુજબનુ આયોજન કુલપતિશ્રીના આદેશ અનુસાર કરવામાં આવેલ છે.

૧. પ્રથમ સેમેસ્ટર તા.૧૫/૦૬/૨૦૧૧ થી તા.૨૨/૧૦/૨૦૧૧

૨. દિવાળી વેકેશન તા.૨૩/૧૦/૨૦૧૧ થી તા.૧૩/૧૧/૨૦૧૧

૩. દ્વિતીય સેમેસ્ટર તા.૧૫/૧૨/૨૦૧૧ થી તા.૧૫/૦૪/૨૦૧૨

૪. ઉનાળુ વેકેશન તા.૦૮/૦૫/૨૦૧૨ થી તા.૧૪/૦૬/૨૦૧૨

૫. પ્રથમ / ત્રીજા સેમેસ્ટરની આંતરિક કસોટી / રી-ટેસ્ટ દોઢ કલાકની સુચવેલ પધ્ધતિ દ્વારા સેમેસ્ટર દરમ્યાન તા.૨૦-૧૦-૨૦૧૧ સુધીમાં ગોઠવવાની રહેશે.

૬. દ્વિતીય / ચોથા સેમેસ્ટરની આંતરિક કસોટી / રી-ટેસ્ટ દોઢ કલાકની સુચવેલ પધ્ધતિ દ્વારા સેમેસ્ટર દરમ્યાન તા.૧૫-૪-૨૦૧૨ સુધીમાં ગોઠવવાની રહેશે.

૭. દરેક સેમેસ્ટરની આંતરિક કસોટી ૫૦ ગુણની રહેશે.

૮. પ્રથમ / ત્રીજા સેમેસ્ટરની યુનિવર્સિટી પરીક્ષા (End Semester Exam) તા.૧૫-૧૧-૨૦૧૧ થી તા.૧૪-૧૨-૨૦૧૧ દરમ્યાન યોજાશે.

૯. દ્વિતીય / ચોથા સેમેસ્ટરની યુનિવર્સિટી પરીક્ષા (End Semester Exam) આશરે તા.૧-૫-૨૦૧૨ થી યોજાશે.

વિદ્યાર્થીઓની સજ્જતા પૂરેપૂરી કેળવાય અને એમની શૈક્ષણિક યોગ્યતા વધતી રહે તે માટે ભવનોમાં અને અનુસ્નાતક કેન્દ્રોમાં ખૂબ ગંભીરતાથી આંતરિક પરીક્ષાઓનું આયોજન કરવું. તે માટે નીચે પ્રમાણેના નિયમો કરવામાં આવ્યા છે.

૧૦. વિદ્યાર્થીને માટે આંતરિક પરીક્ષાઓ આપવી ફરજીયાત છે. સેમેસ્ટર પધ્ધતિના માળખામાં આંતરિક અને યુનિવર્સિટી પરીક્ષાઓના ગુણનુ પ્રમાણ ૩૦ : ૭૦ રાખવામા આવેલ છે.

૧૧. આ પરીક્ષાના પેપર તથા એના ગુણપત્રકો યુનિવર્સિટીને પરીક્ષાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મોકલવાના રહેશે.

૧૨. ભવનો માટે આંતરિક પરીક્ષાના પેપરો યુનિવર્સિટી પ્રકાશન વિભાગ દ્વારા છપાવવાના રહેશે. જો એની સંખ્યા ૫૦ કે તેથી ઓછી હોય તો પૂર્વમંજૂરી મેળવીને ઝેરોક્ષ કરી શકાશે.

૧૩. આંતરિક પરીક્ષાનું સુપરવિઝન જે તે વિષયના અધ્યાપકોએ ફરજના ભાગરૂપે કરવાનું રહેશે.

૧૪. મુદ્દા નં-૭માં દર્શાવેલ આંતરિક પરીક્ષાના ગુણ ઉપરાંત દરેક ભવનમાં અને અનુસ્નાતક કેન્દ્રોએ Class Participation અને હાજરીના ગુણ નકકી કરેલ નિયમો પ્રમાણે યુનિવર્સિટીને મોકલવાના રહેશે.

૧૫. એમ.ફિલ. અંગે ગુજરાત યુનિવર્સિટીની એમ.ફિલ.ની પદવી માટે નોધાયેલા વિધાર્થીઓને યુ.જી.સી.દ્વારા સુચવેલ પધ્ધતિ મુજબની ૪ પેપરની વ્યવસ્થા પ્રમાણે જ ભણાવવાના રહેશે. આ અગેની વિગતવાર છણાવટ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રકાશીત ગત વર્ષના M.Phil. ડીગ્રીના એડમીશન સાથે આપેલ વધારાની માહિતી (Ordinance/Regulation)માં દર્શાવેલ છે.જે ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર પણ ઉપલબ્ધ છે.આથી ગુજરાત યુનિવર્સિટીના ભવનના અધ્યક્ષશ્રીઓ તેમજ વિભાગોના વડાઓએ તે મુજબનો અભ્યાસક્રમ જો ધડાયેલ ન હોય તો તે કરી આગળની કાર્યવાહી કરવી.

એકેડેમિક/૮૮/૨૦૧૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૯.
તા. ૧૨/૦૭/૨૦૧૧

કા.કુલસચિવ

[P.T.O.]

**નકલ સવિનય રવાના જાણ સારૂં :**

૧. પરીક્ષા નિયામકશ્રી. પરીક્ષા વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૨. મદદનીશ કુલસચિવ અને અંગત સચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૩. મદદનીશ કુલસચિવશ્રી, અનુસ્નાતક વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૪. સેકશન ઓફિસરશ્રી, એલિજીબીલીટી વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૫. અધ્યક્ષશ્રી, શારીરિક શિક્ષણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૬. અધ્યક્ષશ્રી, યુવક કલ્યાણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૭. કો.ઓર્ડિનેટરશ્રી, એનએસએસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૮. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૯. ગ્રંથપાલશ્રી, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૧૦. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૧. કુલપતિશ્રી, ઉપકુલપતિશ્રી, કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી
૧૨. કુલસચિવશ્રી, ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ,
૧૩. જનરલ મેનેજરશ્રી, એ.એમ.ટી.એસ., જમાલપુર, અમદાવાદ.